વા.લ. રૂ. ૧૦૦/–
વા. સ. રૂ. ૧૦૦/–

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ ઓક્ટોબર, ૨૦૨૪ Vol. 19 No. 10

# લાડુમાં પણ રાજકારણ !



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
www.satyashodhaksabha.com પર જાઓ.

## નવી કારોબારી (૨૦૨૪–૨૬)

| | | |
|---|---|---|
| ૧. | સૂર્યકાન્ત શાહ (પ્રમુખ) | ૯૮૭૯૩ ૬૫૧૭૩ |
| ૨. | મનસુખ ભૂરાભાઈ નારીયા (ઉપપ્રમુખ) | ૯૪૨૬૮ ૧૨૨૭૩ |
| ૩. | અતુલભાઈ પ્રમોદચંદ્ર પાઠકજી ( ,, ) | ૯૮૨૫૪ ૪૩૭૭૯ |
| ૪. | જાદવભાઈ રાવજીભાઈ વેકરીયા (મંત્રી) | ૯૮૨૫૨ ૮૨૦૨૫ |
| ૫. | ડૉ. સુષ્માબેન પ્રદીપભાઈ અય્યર ( ,, ) | ૭૮૬૨૦ ૪૧૯૧૯ |
| ૬. | સુગીત અતુલભાઈ પાઠકજી (સહમંત્રી) | ૯૯૨૫૧ ૪૩૭૭૯ |
| ૭. | રાકેશ દેસાઈ (સહમંત્રી) | ૮૨૦૦૩ ૬૬૫૨૦ |
| ૮. | મોહનભાઈ રણછોડભાઈ પટેલ (કોષાધ્યક્ષ) | ૯૭૨૭૮ ૧૮૩૯૧ |
| ૯. | હસમુખ ઉકાભાઈ પટેલ (સભ્ય) | ૯૭૧૨૦ ૮૩૭૭૯ |
| ૧૦. | પ્રેમજી ઘુડાભાઈ સુમેસરા (સભ્ય) | ૯૪૨૬૮ ૦૬૪૪૬ |
| ૧૧. | વિજય મનસુખલાલ ભગત (સભ્ય) | ૯૮૨૫૨ ૭૧૨૦૦ |
| ૧૨. | વલ્લભભાઈ શામજીભાઈ ઈટાલિયા (સભ્ય) | ૯૮૨૫૮ ૮૫૯૦૦ |
| ૧૩. | ધનસુખ ગોવિંદજી પટેલ (સભ્ય) | ૯૭૨૬૦ ૧૧૧૪૭ |
| ૧૪. | જનક રામજીભાઈ બાબરીયા (સભ્ય) | ૯૯૭૪૭ ૭૫૪૪૨ |
| ૧૫. | ડૉ. મનસુખભાઈ પટેલ (સભ્ય) | ૯૮૨૫૧ ૧૩૦૦૭ |

## સૂક્ષ્માતિસૂક્ષ્મ

લોકોએ અને ખાસ તો રેશનાલિસ્ટોએ સમજવા જેવું છે જ કે વિજ્ઞાનની યાત્રા અનંત છે. એ જ પ્રમાણે કોશોમાં આપણા ખંતીલા વૈજ્ઞાનિકોએ એમાંથી ડીએનએ અને આરએનએ શોધ્યું. આ બે શોધોએ તો પેદા થતા જીવમાંની ઉત્ક્રાંતિને નિઃશંક પુરવાર કરી. આ શોધથી સૃષ્ટિનો કર્તા કોઈક અપાર્થિવ છે. તેનો છેદ સા'વ ઉડી ગયો. આ તબક્કે પણ વૈજ્ઞાનિકો અટકયા નહીં. ૨૦૧૪ના મેડિસિનના નોબલ પ્રાઈઝથી આભુષિત થયેલા વિકાર એમ્બ્રોસ અને ગેરી રુવકુને આરએનએના પણ વિશ્લેષણ કરી સૂક્ષ્માતિસૂક્ષ્મ આરએનએને શોધ્યા ! આ શોધથી આપણા રોગોની નાબુદી અને આરોગ્યની જાળવણી વધારે અસરકારક રીતે થશે. બન્નેને સલામ !

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સૂર્યકાન્ત શાહ



સંપાદક મંડળ

બી. એ. પરીખ
સુગીત પાઠકજી

ડો. સુષ્મા અય્યર

મનસુખ નારિયા
જનક બાબરીયા



૧૫ ઓક્ટોબર, ૨૦૨૪ | સળંગ અંક : ૩૯૫ | Vol. 18 No. 10


## લાડુમાં પણ રાજકારણ

–સૂર્યકાન્ત શાહ

ધાર્મિક એજન્ટોએ ખૂબ કુશળતાપૂર્વક લાલચ અને ભયનો ઉપયોગ કરી ‘આસ્થા’ નામના મનોવૈજ્ઞાનિક પદાર્થનો આવિષ્કાર કર્યો છે. બિલકુલ અવાસ્તવિક ઈશ્વર, ખુદા, ગોડને એમણે પહેલા પેદા કર્યા. એ અવાસ્તવિક હોવાથી એજન્ટોએ અનેક નુસખા અજમાવવા જ પડે. મૂર્તિ, કબર, ક્રોસ, જેવાને આસ્થાનું પ્રતીક બનાવવામાં તેઓ સફળ થયા છે. આ પ્રતીક પરત્વે ભગતોની ભક્તિ આંધળી બને તે માટે ખૂબ વ્યવસ્થિત રીતે અને સફળ પ્રયત્નો થયા છે. એકવાર ભગતો આંધળી ભક્તિના નશામાં ઝૂમતા થઈ જાય એટલે નાનામાં નાના અપવાદ થકી એમને ઉશ્કેરી શકાય છે. ‘ધાર્મિક ભાવના’ અથવા ‘ધાર્મિક લાગણી’ને એટલી નાજુક બનાવી દેવામાં આવી છે કે ધર્મને લગતા કોઈપણ મુદ્દાને તર્કથી પણ તપાસી શકાતો નથી. આવો એક મુદ્દો પ્રસાદનો છે. પ્રસાદ, મફત ભોજન, વિવિધ સુવિધાઓ એટલા માટે આપવામાં આવે છે કે ભગતો, ધર્મસ્થાનોના સ્થળ ઉપર આવતા રહે અને વધારે કમાણી કરાવે. લાડુ, ઝમઝમનું પાણી, પતાસા જેવા ‘પ્રસાદો’ જુદા જુદા ધર્મોવાળા પોતપોતાના ભગતો વચ્ચે વહેંચે (?) છે. એ પ્રસાદોની માંગ સતત થતી રહે એ માટે એ ‘પવિત્ર’ હોવાનો દાવો કરવામાં આવે છે. આ


**ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા ‘સત્યાન્વેષણ’નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતિ કે જાતિની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. –સંપાદક મંડળ**

પવિત્રતા શું છે ? એની કોઈ ચોકકસ વ્યાખ્યા મળતી નથી. બધી મૂર્તિઓ, કબરો, ક્રોસ તો પવિત્ર છે જ, પરંતુ આગળ વધીને કોઈક ગંદી નદી, કોઈક પથ્થર કે જેના પર સેંકડો ચુંબન થાય, કોઈક પુસ્તક જેવી અનેક ચીજોને આ એજન્ટો પવિત્ર જાહેર કરે છે.  વ્યાખ્યા આપવી હોય તો એવી વ્યાખ્યા આપી શકાય કે, 'ધાર્મિક એજન્ટો' જેને 'પવિત્ર' જાહેર કરે તે 'પવિત્ર' !

સમજી શકાય છે કે આથી લાડુ નામનો પ્રસાદ પણ પવિત્ર જાહેર કરવામાં આવ્યો હોય. એ એકવાર પવિત્ર જાહેર કરવામાં આવે પછી એની પડતર પાંચ રૂપિયા પણ નહીં હોય છતાં, બજારમાં શાકવાળી સામે અડુકડો બેસી એકએક ભીંડાની ડીંટી તોડીને ખરીદતો ભગત, એના પૂરા એકસો આપી દે છે ! હવે એવા લાડુમાં પણ ભેળસેળ થાય છે, એ શાકાહારી ખોરાક જાહેર થયો હોવા છતાં ભેળસેળને કારણે એ માંસાહારી ખોરાક હોવાનું જાહેર થાય ! આમ તો કેટલાક ધર્મવાળાઓએ કેટલાક માંસાહારી ખોરાકને પણ પવિત્ર જાહેર કર્યો છે. તમે કયા ધર્મની દુકાનના ગ્રાહક છે, તેના પર પવિત્રતાનો આધાર છે ! હવે શાકાહારી પવિત્ર ખોરાક જાહેર થયેલા લાડુ પણ માંસાહારી અપવિત્ર ખોરાક બની ગયાનું કોઈ એક રાજકરણી અને તે પણ સત્તાધારી હોવા છતાં જાહેર કરે તો તેમાં ભગતોને અપવિત્ર રાજકારણની દુર્ગંધ આવવી જોઈતી હતી. આંધળી ભકિત ધરાવતા ભગતોના નાક પણ બહેરા થઈ ગયા હોય છે. એમને એમાં અપવિત્ર રાજકારણની દુર્ગંધ નહીં આવી. રાજકારણની આ દુર્ગંધ સુપ્રીમ કોર્ટના તંદુરસ્ત નાક ધરાવતા ન્યાયાધીશોને આવી ! એમણે સ્પષ્ટ જણાવ્યું કે રાજકારણીઓએ ભગતોની આસ્થા સાથે ખેલ માંડેલો છે. આમ, અત્યાર સુધી લાડુ ધાર્મિક એજન્ટોના એજન્ડાને આગળ ચલાવતો હતો. હવે રાજકારણી પણ એ લાડુને પોતાના એજન્ડામાં સમાવવા માંગે છે. આમ તો છેલ્લા દસ–અગિયાર વર્ષમાં આખેઆખુ મંદિર, શહેર–નગરોનાં નામ, બુલડોઝરો, ધર્મસ્થાનો સુધી પહોંચવા માટેના રસ્તા જેવી અનેક ધર્મ સાથે સંકળાયેલી બાબતો રાજકારણીઓના એજન્ડા પર આવી જ ગયા છે. હવે એ જોવાનું રસપ્રદ થઈ પડશે કે એમાં છેવટે લાડુ ઉમેરાય છે કે કેમ. આ પ્રમાણે એજન્ડા પરની આઈટમો વધતી જાય છે તે રેશનાલિસ્ટો માટે મોટી ચિંતાનો વિષય છે. ભગતોની વિવેકબુદ્ધિ ખીલવવાને બદલે રાજકરણીઓ લાડુ સહિત અનેક આઈટમો દ્વારા ભગતોને વધુને વધુ ભકિતઆંધળા બનાવી રહ્યાં છે. તે પહેલાં તો રેશનાલિસ્ટોએ સમજવાનું છે. એ સમજયા પછી એને કેવી રીતે રોકી શકાય તે વિચારી શકાય.

# આગેકૂચ.... પીછેહઠ

–તંત્રીલેખ

જમીન પર જ્યારે બે સૈન્યો યુદ્ધ કરે છે ત્યારે એક જ સ્થળે એક સૈન્ય આગેકૂચ કરે છે. બીજું સૈન્ય પીછેહઠ કરે છે. એક જ સ્થળ આગેકૂચ અને પીછેહઠ બન્નેનું સાક્ષી બને છે. વિચારધારાના સંઘર્ષોમાં પણ એવું થાય છે. પ્રજાને જ્યારે એમ સમજાય છે કે પ્રગતિશીલ વિચારધારા અને રેશનાલિઝમ સ્વીકારવાથી એનો કુલ નિર્દોષ આનંદ વધશે ત્યારે એક જ સમયે પ્રગતિશીલ–રેશનલ વિચારધારા આગળ વધે છે, અને પ્રત્યાઘાતી –અધોગતિ તરફ લઈ જતી વિચારધારા પાછળ હટે છે. અત્યારે તો વિશ્વભરમાં અને ખાસ કરીને ભારતમાં પ્રત્યાઘાતી વિચારધારા આગેકૂચ કરે છે, અને પ્રગતિશીલ વિચારધારા પીછેહઠ કરે છે. કહેવાય છે કે પરાજય પ્રસંગે વધારે વીરતા દાખવવાની જરૂર છે. આથી પ્રગતિશીલ રેશનલ વિચારધારકોએ વર્તમાનમાં જ વધારે 'વિદ્વતા' દાખવવાની જરૂર છે. આથી પ્રગતિશીલ–રેશનલ વિચારધારકોએ વધારે વીરતા દાખવવાની જરૂર છે. એમને જો એવું સમજાયું હોય કે આ જ વિચારધારા એમનો અને સમાજનો કુલ નિર્દોષ આનંદ વધારે છે અને વધારશે તો તેઓ નાસીપાસ થયાની લાગણી ધરાવી શકે જ નહીં !

સમગ્ર વિશ્વની આ પરિસ્થિતિમાં ઘણા બધા અપવાદો છે. યુરોપના સંખ્યાબંધ દેશો અને અમેરિકામાં ગણનાપાત્ર વસતિ પ્રગતિશીલ – રેશનલ વિચારધારાના રંગે રંગાયેલી છે, અને રંગાવા માંડી છે. ત્યાં લોકોના ઘરમાંથી જ નહીં, એના પોતાના દેવળ નામના ઘરમાંથી પણ ગોડને 'ભાગવુ' પડે તેવી પરિસ્થિતિ પેદા થઈ છે ! ગોડના એજન્ટોની દેવળ નામે ઓળખાતી દુકાનોમાં હવે ગ્રાહકો–ભગતોની સંખ્યા એટલી બધી ઓછી થઈ ગઈ છે કે દુકાનના ધંધામાં અસહ્ય ખોટ થવા માંડી છે. બિચારા એજન્ટો હવા ખાવાના સ્થળોએ, દરિયાના કિનારે, મનોરંજન સ્થળે ગિટાર, જેવા વાદ્યો વગાડે છે. હેન્ડબીલ વેચે છે અને ગોડના ઘર દેવળમાં આવવાનું નિષ્ફળ વિજ્ઞાપન કરે છે ! પરિણામે ઘણા સ્થળોએ દેવળ વેચાવા માંડયા છે.

આ દેવળને ખરીદનારામાંના એક આપણા દેશને છોડી ત્યાં જઈને વધારે કમાણી અને વધારે ભૌતિક આનંદ માણવા માટે ગયેલા 'વસાહતીઓ' છે ! તેઓ આવા પ્રગતિશીલ

રેશનલ વિચારધારાવાળા દેશમાં ગયા પછી પણ પોતાના દેશની પ્રત્યાઘાતી–અધોગતી તરફથી વિચારધારાને છોડી શકતા નથી, તેઓ ત્યાં પણ મંજીરા–તાબોટા વગાડવા માટે ખૂબ ઉત્સુક છે. એમની આ આંધળી ભક્તિને પારખી જનારા અનેક એજન્ટો આ દેશ છોડીને ત્યાં ગયા છે. એ ભગતોનાં તન–મન–ધનની મદદથી એમણે કરોડો ડોલરો ભેગા કર્યા છે. આ એજન્ટો એ દેવળ ખરીદે છે ! દેવળ જયારે વેચાય છે ત્યારે તે સ્થળે પણ પ્રત્યાઘાતી–અધોગતિ તરફી વિચારધારાની આગેકૂચ થાય છે, અને પ્રગતિશીલ વિચારધારાની પીછેહઠ થાય છે ! એ દેશોમાં પ્રગતિશીલ વિચારધારા પૂરી તાકાતથી આગેકૂચ કરે છે ત્યારે જ આપણા દેશના ત્યાંના વસાહતીઓ ધામધૂમથી પીછેહઠ કર્યાના ઉત્સવ ઉજવે છે ! ભક્તિનું એવું છે જો કે તે નવાં સ્થળના વાતાવરણથી પણ અછૂત રહે છે ! એ તો એના ભજનના રાગડા, મંજીરાની ધૂન અને તાળીઓના તાબોટામાંથી છટકી શકતી જ નથી ! આપણે તો એ જ આશા રાખવાની રહે કે તેઓ એમના કોચલામાંથી બહાર નીકળે. બહારની દુનિયાને નિહાળે, અને રેશનલ બની આનંદ અને આનંદમાં જ રહે !

---

## અપીલ

ગુજરાતી ભાષીઓ માટે રેશનાલિઝમ પર ચિંતન કરતું એક માત્ર ‘સત્યાન્વેષણ’ માસિક છે. માત્ર ગુજરાત–મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતીભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ ‘સત્યાન્વેષણ’ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વિનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું ‘સત્યાન્વેષણ’ દરેક મહિનાની પંદરમીએ નિયમિતપણે બહાર પડે છે. એનું વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/– અને આજીવન રૂા. ૨૦૦૦/– છે. તે મ.ઓ. થી કે સત્યશોધક સભાના બૅન્ક ઑફ બરોડાના ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.

* દરેક ‘સત્યાન્વેષણ’ના પહેલા ટાઈટલ પર વાચકોને જણાવવામાં આવે છે કે ‘સત્યાન્વેષણ’ www.satyashodhak sabha.com પર વાંચવા મળશે. ઉપરાંત જો વાચક એનો મોબાઈલ નંબર અને ઈ–મેઈલ એડ્રેસ આપશે તો એને આ જ લવાજમ હેઠળ PDF મોકલવામાં આવશે.

# અંધશ્રદ્ધા અને વિવેકબુદ્ધિ

**–એન. વી. ચાવડા**

**(હવે આપણી વચ્ચે એન. વી. ચાવડા નથી. તેઓશ્રી શબ્દદેહે આપણી વચ્ચે જીવિત છે. એ શબ્દદેહના ભાગસ્વરૂપ એમણે સત્યશોધક સભાને કેટલાક લેખ મોકલ્યા હતા. એમની યાદ તાજી રાખવા એ પૂરા થાય ત્યાં સુધી અત્રે પ્રગટ કરતા રહીશું. –સૂ.)**

દસમા કે બારમા ધોરણનો બોર્ડની પરીક્ષા આપનારો કોઈ વિદ્યાર્થી એમ કહે કે, મને શ્રદ્ધા છે કે, હું ટોપ ટેનમાં આવીશ.' ત્યારે એ વિદ્યાર્થીની એવી શ્રદ્ધા, શ્રદ્ધા છે કે અંધશ્રદ્ધા એ આપણે શેને આધારે નકકી કરીશું ? અર્થાત્ આપણે જોઈશું કે, તે વિદ્યાર્થીનું સમગ્ર શૈક્ષણિક કેરિયર કેવું છે, દસમાં કે બારમા ધોરણમાં તેને કેવી મહેનત કરી છે. છમાસિક અને પ્રીલિમનરી પરીક્ષામાં તે કેટલા માર્કસ લાવ્યો છે. આ બધી પરીક્ષાઓમાં તે ખૂબ ઊંચા ગુણે પાસ થયા પછી પણ બોર્ડની પરીક્ષા માટે તેણે ખૂબ મહેનત કરી હોય તો આપણે એ વિદ્યાર્થીએ વ્યકત કરેલી શ્રદ્ધાને આપણે અંધશ્રદ્ધા નહીં કહી શકીએ, કારણ કે તે વિદ્યાર્થીએ વ્યકત કરેલી શ્રદ્ધા આપણા સૌના તર્ક અને અનુભવ પર આધારિત છે. અર્થાત્ વિવેકબુદ્ધિ પર આધારિત છે. વાસ્તવમાં એવી શ્રદ્ધા તથાકથિત શ્રદ્ધા નહીં, પરંતુ વિવેકબુદ્ધિ જ હોય છે. અર્થાત્ એ વિદ્યાર્થી દ્વારા વિવેકબુદ્ધિને જ શ્રદ્ધા કહેવામાં આવી છે. શ્રદ્ધાનો ઉપયોગ હંમેશા વહેવારમાં આપણે હળવાશથી યા લુઝલી કરતા હોઈએ છીએ. તેમાં વિવેબુદ્ધિને જ શ્રદ્ધા તરીકે નિરૂપતા હોઈએ છીએ. આમ આપણા સામાજિક ક્ષેત્રમાં જ્યાં જ્યાં શ્રદ્ધા શબ્દનો ઉપયોગ કરતા હોઈએ છીએ ત્યાં વિવેકબુદ્ધિને જ શ્રદ્ધા કહેતા હોઈએ છીએ. દા. ત. ઉપર ઉલ્લેખિત વિદ્યાર્થીનો પિતા એમ કહે કે મને શ્રદ્ધા છે કે, મારો પુત્ર ટોપ ટેનમાં આવશે, તો પિતાની તે શ્રદ્ધા વિવેકબુદ્ધિ સિવાય કશું જ નથી.

ધાર્મિક અને આધ્યાત્મિક ક્ષેત્રોમાં જે શ્રદ્ધા શબ્દનો ઉપયોગ થાય છે, તે અંધશ્રદ્ધા સિવાય કશું જ હોતું નથી. દા. ત. કોઈ વ્યકિત પ્રાર્થના–પૂજા–બંદગી અને બાધા–આખડી–માનતાને આધારે એમ કહે કે તેને કારણે મારો પુત્ર ટોપટેનમાં આવશે તો તેમાં વિવેકબુદ્ધિનો તીવ્ર અભાવ હોવાથી તેવી માન્યતા અંધશ્રદ્ધા સિવાય કશું જ નથી. તથાગત બુદ્ધના ધર્મમાં જે શ્રદ્ધા શબ્દનો ઉપયોગ થાય છે તેમાં શ્રદ્ધાની વ્યાખ્યા 'વિવેકબુદ્ધિપૂર્વકનો વિશ્વાસ' કરવામાં આવે છે. એવી શ્રદ્ધા અલબત્ત અંધશ્રદ્ધા નથી જ. કારણ કે, તે તર્ક અને અનુભવ પર આધારિત છે.

# મુંડકોપનિષદચિંતન

**–પ્રવિણ ગઢવી**

પ્રસિદ્ધ સ્વાતંત્ર્યસેનાની અને રાજનીતિજ્ઞ રાજાજીએ ઉપનિષદો ઉપર એક પુસ્તિકા લખી છે. જે ભવન્સ દ્વારા પ્રગટ થઈ છે. તેમાં સાત ઉપનિષદોનો સારાંશ અને તેની પર તેમની ટીકા, ભાષ્ય આપેલાં છે. તેમાંથી મુંડકોપનિષદ જોઈએ.

આ ઉપનિષદનો શાંતિપાઠ માંડૂકયોપનિષદમાં છે, તે જ છે. સારું સાંભળવું, સારું જોવું, જીવીએ ત્યાં સુધી શરીરનું સ્વાસ્થ્ય જળવાય. જેથી પરમ તત્ત્વને ગૌરવાન્વિત કરી શકીએ. મનને શાંતિ પ્રાપ્ત થાઓ.

ગાંધીજીના ચીની વાંદરાઓ પણ આ જ વાત કરે છે. સદ્‌ભાવના રાખવી એ સારી છે, પરંતુ અળખામણા સત્ય પ્રત્યે આંખમીંચામણા કરીએ તે પણ યોગ્ય નથી. યુદ્ધ ફાટી નીકળ્યું હોય ત્યારે કેવળ શાંતિપાઠ કરવાથી તેનું શમન ન થઈ શકે. એ જ રીતે સમાજનાં દુષ્ટ તત્ત્વો સામે આંખમીંચામણા ન કરાય, લડવું પડે.

આ ઉપનિષદમાં અંગિરસ અથવા અંગિરા ઋષિએ એમના શિષ્ય શૌનકને આપેલો ઉપદેશ છે.

પુરાણો મુજબ સર્વપ્રથમ ઉત્પન્ન દેવ બ્રહ્મા (હવે જો કે વિસરાઈ ગયા છે) એ બ્રહ્મવિદ્યા પોતાના મોટા પુત્ર અથર્વને કહી હતી. અથર્વે અંગિરને કહી, અંગિરે સત્યવાહ ભરદ્વાજને કહી. ભરદ્વાજે અંગિરસને કહી. મહાશાલ (ધનવાન) શૌનકે પૂછતા અંગિરસ ઋષિએ તેમને કહી.

હે શૌનક, પરા અને અપરા વિદ્યાઓ જાણવા જેવી છે. (૪) ચાર વેદો, શિક્ષા (રાગ રાગિણી), કલ્પ (ક્રિયાકાંડ), વ્યાકરણ, વ્યુત્પત્તિ, છંદ અને જ્યોતિષ અને અન્ય વિદ્યાઓ અપરા વિદ્યાઓ છે, તે નીચી છે. જ્યારે બ્રહ્મવિદ્યા પરા વિદ્યા છે, જે ઉચ્ચ છે.' (૫)

અર્થાત્ વેદોના જ્ઞાન અને અન્ય વિદ્યાઓના જ્ઞાન કરતાં બ્રહ્મવિદ્યાનું કલ્પિત જ્ઞાન ઊંચું કહેવું યોગ્ય નથી. માનવીનો ભૌતિક વિકાસ તો ભૌતિક વિજ્ઞાનીઓએ જ કર્યો છે. અલબત્ત, કેટલાક લોકો આધ્યાત્મિક વિકાસમાં માને છે. તેઓ આત્મા–પરમાત્માના

સંબંધ અને સ્વરૂપ અંગે માનસિક કસરત કરતા રહે છે. હજી સુધી કોઈએ બ્રહ્મવિદ્યા પામી ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો નથી !

યજ્ઞરૂપી નાવ દ્રઢ નથી અર્થાત્ તે ડૂબી જાય છે, તેથી તરી શકાતું નથી, પરંતુ મૂઢ લોકો તેને શ્રેયકર માને છે. તેઓ યજ્ઞોની કાણી નાવથી ભવસાગર તરી શકતા નથી, વારંવાર ડૂબે છે. જરા–મૃત્યુ વારંવાર પામે છે. (૧–૨–૭)

અહીં અંગિરા ઋષિ યજ્ઞો, કર્મકાંડો સામે બળવો પોકારે છે. બહુધા આર્યો યજ્ઞમાર્ગી હતા, પરંતુ તેમાંથી કેટલાક આગળ વિચારતા થયા. યજ્ઞને નિરર્થક બગાડ માનતા થયા. તે જુદા પડયા. તે અક્રતુ રાક્ષસ કહેવાયા એટલે જ રામાયણમાં યજ્ઞમાર્ગી રામ રાક્ષસસંહાર કરે છે. રાક્ષસો પણ ઋષિઓ, યજ્ઞો પર હુમલા કરતા.

બેશક, અંગિરા ઋષિ પ્રગતિશીલ છે. મહાવીર–બુદ્ધ પહેલાં એમણે યજ્ઞનો વિરોધ કર્યો, પણ પાછા બ્રહ્મવિદ્યા જાણવાથી જ મોક્ષ મળે છે એમ કહી ઊલમાંથી ચૂલમાં પડયા ! મહાવીર બુદ્ધે તો એનો પણ વિરોધ કરેલો !

ઉપર મજબ યજ્ઞનું મિથ્યાત્વ સમજેલા શોધકે (મુમુક્ષુએ) ઈચ્છાઓ ત્યાગી, દુન્યવી ક્ષણિક વસ્તુઓનો મોહ છોડી, ઋષિ પાસે બ્રહ્મજ્ઞાન શીખવા જવું જોઈએ.

કોઈપણ બ્રહ્મજ્ઞાની શિવ અને જીવના આત્મા–પરમાત્માના સ્વરૂપ અને સંબંધ વિષે ચોક્કસ નથી એવા બ્રહ્મજ્ઞાની એટલે અંધેઅંધ પાસે જવા બરાબર છે. !

'જેમ અગ્નિમાંથી તણખા પેદા થાય છે, તેમ સૌમ્ય અક્ષર તત્ત્વમાંથી સૃષ્ટિના નાના પ્રકારના પદાર્થો જન્મે છે, અને પાછા તે જ બ્રહ્મતત્ત્વમાં પહોંચે છે.' (૨–૧–૧)

એટલે કે સર્વ જીવો ઈશ્વરરૂપી અગ્નિના તણખા છે, અને તે પાછા અગ્નિને જ સ્વાધીન થાય છે.

હકીકતમાં, ઈશ્વરમાંથી નહિ, રસાયણો વચ્ચે સંયોજન પ્રક્રિયા થતાં 'તણખા' રૂપે જીન પ્રગટયો છે. જીનમાંથી જ જીવ થયો છે. ઈશ્વરને માણસ જ સર્જવો હોત તો સિંહ અને હરણ કેમ સર્જ્યા ? માણસ અને એકલી વનસ્પતિ હોત તોય ચાલત ! (અલબત્ત ! બિચારા ગાય, બળદ, ઘોડા, ગધેડાએ માણસની સારી વેઠ કરી ! )

ઋષિ એક વાતે સત્યની નજીક છે કે પદાર્થોનું વિસર્જન થતાં પદાર્થોમાં જ ભળે

છે. જો કે બ્લેકહોલમાં ગયેલા પદાર્થનું શું થાય છે, તે શોધવાનું વૈજ્ઞાનિકો માટે બાકી છે.

એ પુરુષનું મસ્તક અગ્નિ છે. સુર્ય અને ચંદ્ર એની બે આંખો છે. દશ દિશાઓ એના બે કાન છે. વેદ અની વાચા છે. વાયુ એના પ્રાણ છે. વિશ્વ એનું હૃદય છે. પૃથ્વી એના પગ છે. આ પુરુષ ભૂતમાત્રનો અંતરાત્મા છે. (2-1-4)

વિરાટ પુરુષની કલ્પના વેદકાળથી ચાલી આવે છે. વિરાટ પુરુષના હવિમાંથી નવો એક પુરુષ પેદા થયો. તેનું મુખ બ્રાહ્મણ, ભુજાઓ ક્ષત્રિય, જંઘા વૈશ્ય હતા એમ કહેવાયું. આવી ઉટપટાંગ વાતો ઋગ્વેદના 'કુખ્યાત' 'પુરુષસૂકત'માં  કહેવાય છે.

ગીતામાં પણ વિરાટ પુરુષની કલ્પના કરવામાં આવી છે. કૃષ્ણ અર્જુનને પોતાનું વિરાટ, વિકરાળ સ્વરૂપ બતાવે છે.

આ બધી કવિ–ઋષિ કલ્પનાઓ છે. કાષ્ટઅગ્નિ કેવળ પૃથ્વી પર જ મળે. તે ઈશ્વરનું મસ્તક કેવી રીતે હોય ? સૂર્ય ધગધગતા વાયુ હાઈડ્રોજનનો ગોળો છે, તો ચંદ્ર નિર્જળ, નિર્જીવ પથ્થરોનો ઉપગ્રહ છે. એ બે કેવી રીતે આંખો હોય ? વેદ તો ચારસો જેટલા ઋષિઓએ રચેલા છે,  તે ઈશ્વરની વાણી કેવી રીતે થાય ?

વાયુઓ પૃથ્વી પર અને અવકાશમાં છે, તે ઈશ્વરના પ્રાણ, હવે ઈશ્વર પરમાત્મા હોય તો તેને પણ પ્રાણ હોય ? તો તો જીવાત્મા–પરમાત્મામાં, જીવ–શિવમાં શો ફેર ? વિશ્વ એનું હૃદય તો એને ધમનીઓ પણ હશે જ ને ? હાર્ટ એટેક પણ આવતા હશે ને ? અખિલ બ્રહ્માંડમાં રજકણ જેવડી પૃથ્વી, એ વિરાટના પગ કેવી રીતે હોઈ શકે ?

આ બધી 'બ્રહ્મવિદ્યા' નામે કપોળ કલ્પનાઓ જ છે. તેને રાજાજી જેવા ચતુર બૌદ્ધિક માની લે છે. તે ખરે જ નવાઈ પમાડે છે !

સૂર્ય જેનું સમિધ–ઈંધણ છે તેવો અગ્નિ તે પુરુષમાંથી પેદા થાય છે. ચંદ્રમાંથી વરસાદ થાય છે. તે કારણે જીવસૃષ્ટિ ઉત્પન્ન થાય છે. નર, માદામાં વીર્ય સીંચે છે તે કારણે જીવની અનેક જાતિઓ તે પુરુષમાંથી પ્રસવે છે.  (2-1-5)

આગળના શ્લોકમાં સૂર્ય, ચંદ્ર, આંખો હતાં. તો સૂર્ય અહીં ઈંધણ બની જાય છે અને ચંદ્રમાંથી વરસાદ પડે છે. આ કેવી રીતે માની શકાય ? વરસાદ તો સૂર્યઉષ્માને કારણે, જળ બાષ્પીભવન થતાં વરસે છે. ઈશ્વરે આ સૃષ્ટિ સર્જી નથી, પરંતુ નર–માદા

સર્જી શકે છે. ઉત્ક્રાંતિની વિકાસપ્રક્રિયામાં અનેક જાતના જીવ ઉત્પન્ન થયા. તે ઉત્ક્રાંતિની કરામત છે. ઈશ્વરની નહિ ! અલબત્ત, ઋષિ વીર્ય–સ્ત્રીઅંડ દ્વારા જીવ જન્મે છે તે વૈજ્ઞાનિક સત્યનો સ્વીકાર કરે છે.

બધા સમુદ્રો, પર્વતો, નદીઓ એ પુરુષમાંથી છે. બધી વનસ્પતિ તથા પંચભૂતોનો બનેલો જીવ શીરી છે. તે પણ એ પુરુષમાંથી છે. (2-1-5)

અર્થાત્ વિશ્વ અને જીવસૃષ્ટિ પ્રભુએ સર્જેલા છે એ પુરાતન માન્યતા અહીં વ્યકત થઈ છે. વાસ્તવમાં મૂળભૂત (96) અવકાશી તત્વો–પદાર્થોમાંથી પૃથ્વી બની. પછી 'પંચમહાભૂતો' એટલે કે જળ, પ્રકાશ, માટીથી જીવ બન્યો, અને ઉત્ક્રાંતિની પ્રક્રિયાથી વિકસ્યો.

શ્રેષ્ઠ મસ્તિષ્ક ધરાવતો મનુષ્ય પેદા થયો. એમાં ઈશ્વર કયાંય વચ્ચે આવતા નથી. એમ આ વિશ્વ કર્મ, તપ તથા પરમ અમૃત–અક્ષર એવું બ્રહ્મ–બધું જ તે પુરુષ છે. હૃદયગૃહામાં ગૂઢ રહેતા એને જે જાણે છે તે આ સંસારમાં અવિદ્યાની ગાંઠ છોડી નાંખે છે અને તે બંધનમાંથી મુકત થઈ જાય છે. (2-1-10)

ટૂંકમાં, આત્માની ભીતરમાં જ પરમાત્મા વસે છે, તેવુ જે સમજે એટલે બ્રહ્મવિદ્યા સમજે તે મોક્ષ પામે છે.

પરમાત્મા બધા જ આત્મામાં વસતો હોય તો સિંહનો આત્મા, હરણના આત્માને કેમ ક્રૂરતાથી મારે છે ? દરેક વ્યકિતમાં પરમાત્મા હોય તો દુષ્ટાત્માઓ કેમ પેદા થાય ?

યહુદી ધર્મોમાં અલ્લાહના હરીફ એવા શયતાનની કલ્પના કરવામાં આવી છે. આ શયતાન ખોટા કામ કરાવે છે. વેદાંતમાં એવી કલ્પના નથી, પરંતુ દાનવ–રાક્ષસની કલ્પનાઓ છે. અલબત્ત દાનવો–રાક્ષસો તો આર્યોના મશિયાઈ ભાઈઓ જ હતા !

'તે આકાર ધરીને હૃદયગૃહામાં બિરાજે છે. જે કંઈ ગતિ કરે છે, શ્વાસ લે છે, ચમકારા થાય છે. ખસે છે, જીવે છે, તે તે છે. જે કંઈ અસ્તિત્વમાં છે, જે કોઈ વિચારો છે, અકલ્પ્ય (દુષ્ટ) વિચારો પણ તેમાંથી પ્રગટ થાય છે. (2-2-1)

અર્થાત્ સારાનરસા વિચારો પણ તેના જ છે. શું ભગવાન કોઈનું ખૂન કરવાનું કે બળાત્કાર કરવાનું કે લૂંટવાનું વિચારે ? આ કેવું ?

'ઉપનિષદ જ્ઞાન રૂપી ધનુષ્યને ધારણ કરી, ઉપાસનાથી તીક્ષ્ણ કરાયેલા તીર (વિશુદ્ધ જીવાત્મા)ને તેની ઉપર ચઢાવીને હે સૌમ્ય, તું તે જ અક્ષર તત્વને તાક. લક્ષ્યવેધ કર.' (2-2-3)

અહીં ઉપમા દ્વારા પરમ તત્ત્વનું ધ્યાન ધરવા સૂચવાયું છે. ઈશ્વરની શોધમાં તપસ્યા–ઉપાસના કરવાને બદલે પ્રયોગશાળામાં વિશ્વના સત્યની શોધ આ ઋષિ–વૈજ્ઞાનિકોએ કરી હોત તો આપણે કેટલા આગળ હોત ? થોડા વધુ આર્યભટ્ટો પેદા થયા હોત !

'તારાખચિત અવકાશ, પૃથ્વી, અંતરિક્ષ, ઈન્દ્રિયો સહિત મન, આ બધાં તેની અંદર ઓતપ્રોત છે, તે એક અદ્વિતીય આત્મા છે, તેને જ જાણો, બીજી બધી વાતો છોડો. મૃત્યુની ખીણને ઓળંગવા માટેનો સેતુ આ આત્મા છે.' (2-2-5)

ઈશ્વરને પામશો તો અ–મૃત થશો પણ વાસ્તવમાં જીવમાત્ર મરણને આધીન છે. પછી તે અશરીરી છે કે કેમ, કયાં જાય છે, તેને શું થાય છે, તેની કોઈને કશી ખબર નથી. કેવળ ધારણાઓ–કલ્પનાઓ–ગપગોળાઓ છે !

સર્વજ્ઞ, સર્વવિદ પૃથ્વી, સૂર્ય, ચંદ્ર, નદી, સાગર બધું જ જેનામાં છે, તે આત્મા દિવ્ય બ્રહ્મપુર–હૃદયરૂપી આકાશમાં વિરાજેલો છે, તે મનોમય છે, પ્રાણ–દેહનો નાશ થાય છે. આનંદરૂપ અમૃત સ્વયં પ્રકાશિત તત્ત્વ છે. તેનો ધીર (જ્ઞાની) પુરુષો સાક્ષાત્કાર કરે છે. (2-2-6/7)

હજી સુધી અવકાશમાં કયાંય 'બ્રહ્મપુરી' દેખાઈ નથી કે કોઈએ સાક્ષાત્કાર થયાનો દાવો કર્યો નથી.

આપણા શરીરમાં જ્યારે તેના અસ્તિત્વનો અહેસાસ થાય છે ત્યારે તમામ શંકાઓ, દુન્યવી મોહ અને પ્રવૃત્તિઓનો નાશ થાય છે. (2-2-8)

પોતાનામાં ઈશ્વર વસે છે, એવું માનવા માટે જપ–તપ–ઉપવાસનો આટલો બધો પરિશ્રમ શા માટે ? ડોકટર કહે છે, તમારામાં મુઠ્ઠી જેવડું હૃદય ધબકે છે, તે માની લઈએ છીએ તેમ આટલું સરળ, માની ન લેવાય ? વળી આટલું માન્યું એટલે શંકા કરવાનો નહિ ! ગીતામાં તો કહ્યું છે, સંશય કરે તેનો વિનાશ થાય છે ! વાસ્તવમાં સંશય કરે તેનો વિકાસ થાય !

'ત્યાં સૂર્ય નથી પ્રકાશતો, ત્યાં ચંદ્ર કે તારા પણ નથી પ્રકાશતા. વીજળીઓ નથી ચમકતી. તો પછી અગ્નિ હોય જ કયાંથી ? ફકત તેજ પ્રકાશે છે, તેનાથી સઘળું દૈદિપ્યમાન છે, તે આદિ પ્રકાશ છે. (2-2-10)

આ અમૃત બ્રહ્મ જ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણમાં ઉપર નીચે સર્વ દિશાઓમાં ફેલાયેલું છે. બ્રહ્મ જ આ વિશ્વમાં સર્વશ્રેષ્ઠ વિશ્વ છે ! (2-2-11)

અવકાશ વિજ્ઞાનનો સામાન્ય વિદ્યાર્થી પણ જાણે છે કે આકાશમાં અબજો સૂર્યો, નિહારિકાઓ અને હાઈડ્રોજન વાયુનાં વાદળો આવેલાં છે. અવકાશના ભાગમાં અંધકાર છે. અદ્યતન સંશોધન મુજબ અદ્રશ્ય એવું બ્લેક મેટર પણ અવકાશમાં આવેલું છે, પરંતુ ઉપરના શ્લોકમાં દર્શાવ્યા મુજબ કોઈ એક દૈદિપ્યમાન સૂર્ય કે બ્રહ્મ જેવું કશું નથી. પૃથ્વી માટે તો સૂર્ય જ દૈદિપ્યમાન છે, અને કાષ્ઠ અગ્નિ તો પૃથ્વી પર જ સંભવે. અવકાશમાં ન જ હોઈ શકે.

ઋષિની અવકાશ વિષેની આ કોરી કલ્પના સિવાય બીજું કશું નથી.

મિત્રભાવે જોડાયેલા બે પક્ષી એક જ વૃક્ષ પર માળો કરીને રહે છે. તેમાંનું એક સ્વાદિષ્ટ ફળ ખાય છે. બીજું ખાતું નથી. ચોમેર જોયા કરે છે. (3-1-1)

એક પક્ષી (પુરુષ) ફળના સ્વાદમાં પડે છે, તેથી ધાર્યું પ્રાપ્ત કરવાની શકિત ન હોવાથી દુ:ખી થાય છે. જ્યારે બીજું પક્ષી (ઈશ) શોકરહિત, મોહરહિત સદા સુખી બને છે.' (3-1-2)

જ્યારે બીજા ઈશ પક્ષીને જોનારો એમ જુએ છે કે સામેનું પક્ષી સુવર્ણવર્ણી એવો સંસારવૃક્ષનો કર્તા છે. સર્વનું પ્રભાવસ્થાન બ્રહ્મ છે, ત્યારે તે કર્મમાત્રને ધોઈ કાઢી નિર્લેપ થયેલો સાધક પરમ એકતા પામે છે અને પોતે પણ ઈશ પક્ષી જેવો છે, તેમ માને ત્યારે પોતે ખોટા દુ:ખી થયાનો અહેસાસ તેને થાય છે.' (3-1-3)

ઉપરના શ્લોકોમાં ઋષિ પક્ષીના પ્રતીક દ્વારા જીવ–શિવનો સંબંધ સમજાવવાનો પ્રયત્ન કરે છે. ફળ ખાતું પક્ષી મનુષ્ય અને ફળ ન ખાતું પક્ષી ઈશ્વર છે. માણસને લોભ, મોહ, ક્રોધ, ભૂખ, બધું હોય., ઈશ્વરને ન હોય. અશરીરી હોવાથી એમને હોજરી ન હોય, તેથી ખાવાનો પ્રશ્ન જ આવતો નથી ! ટૂંકમાં શિવ અને જીવ એક જ છે અને શિવથી જીવ ઉત્પન્ન થયો, એમ ઋષિનું કહેવું છે. તે વેદાંતનું પિષ્ટપેષણ છે. આપણા ઋષિઓએ અને

આચાર્યોએ આત્મા–પરમાત્મા એક છે કે નથી, તેની માથાકૂટ સતત કર્યા કરી છે. દ્વૈત – અદ્વૈત, દ્વૈતાદ્વૈત એમ કેટલાય સિદ્ધાંતો ઘડી કાઢવામાં આવ્યા છે. આટલી મહેનત વૈજ્ઞાનિક શોધો પાછળ કરી હોત તો ?

જે વ્યક્તિ સમજે કે તે ઈશ સર્વ પ્રાણોનો પ્રાણ છે, તે સત્યથી વેગળી વાત કરતો નથી. તે આત્મ તત્ત્વમાં જ રત રહે છે. ફળાશા વગર કર્મ કરનારો નિષ્કામ બને છે. તે બધા બ્રહ્મજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ છે.'(3-1-4)

અર્થાત્ જે આ બ્રહ્મજ્ઞાન સમજી લે છે તે સિદ્ધપુરુષ થઈ ગયો કહેવાય. સર્વ આત્મા–ભૂતોમાં ઈશ્વર વસે છે, તેટલું જાણવા–સમજવા થકી બ્રહ્મજ્ઞાન લાધે છે.

'સત્ય, તપસ્યા, સમજ, બ્રહ્મચર્ય દ્વારા જ બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે. બ્રહ્મચર્યના નિત્ય સેવનથી હૃદયગુહામાં રહેલી પરમ જ્યોતિ અનુભવી શકાય છે.' (3-1-5)

રાજાજી 'બ્રહ્મચર્ય'નો અનુવાદ 'હૃદયની પવિત્રતા' એવો કરે છે, જે યથાર્થ નથી. મૂળ શ્લોકમાં 'બ્રહ્મચર્ય' શબ્દ જ છે.

બ્રહ્મચર્યથી કેવી રીતે બ્રહ્મ પામી શકાય ? એવું થતું હોત તો બધા અપરિણિત પુરુષો 'બ્રહ્મજ્ઞાની' બની ગયા હોત !

અલબત્ત, બ્રહ્મમાં ચર્ય, બ્રહ્મમાં ફરતો એવો અર્થ પણ 'બ્રહ્મચર્ય'નો થાય.

'હંમેશાં સત્યનો જય થાય છે. અસત્યનો નહિ, સત્ય દ્વારા દિવ્ય જગત જવા રસ્તો બને છે. તે રસ્તા પર નિષ્કામ, સ્થિતપ્રજ્ઞ બનેલા ઋષિઓ પરમધામ જવા માટે ચાલી શકે છે.' (3-1-6)

ભારત સરકારનો મુદ્રાલેખ 'સત્યમેવ જયતે' આ શ્લોકમાંથી લેવામાં આવ્યો છે. અહીં તો સત્યના માર્ગે ચાલીને પરમધામ જવાની વાત છે. ગાંધીજીનો સત્યનો માર્ગ અનોખો અને વિકટ હતો. 'હરિ (સત્ય)નો માર્ગ છે શૂરાનો, નહિ કાયરનું એ કામ જોને.' ગાંધીજીએ સત્યાગ્રહ દ્વારા, પેસિવ રેઝિસ્ટન્સ (શાંત પ્રતિકાર)ની પદ્ધતિ દ્વારા સ્વરાજ મેળવ્યું હતું. ગાંધીજીને 'સત્ય' પ્રિય હતું. એટલે આ મુદ્રાલેખ બન્યો. ખરેખર શાંત પ્રતિકારનો અનુવાદ 'સત્યાગ્રહ' સચોટ ન કહેવાય .

ગીતામાં નિષ્કામી, સ્થિતપ્રજ્ઞ પુરુષની જે ધારણા છે, તે ઉપનિષદો પરથી જ આવી છે. એટલે ગીતાને ઉપનિષદોનું દોહન કહેવાય છે.

તે પરમ સત્ય આંખ વાણી કે ઈન્દ્રિય દ્વારા ગાહ્ય થતું નથી. ઈન્દ્રિયાતીત છે, અગોચર છે. તપ કે કર્મથી પકડી શકાતું નથી. વિવેકજ્ઞાની પુરુષ એ નિષ્કલ–અખંડ નિરવયવ (અશરીરી) એવા એનું ધ્યાન ધરતો રહે, તો તેમાં તે જોઈ શકે.' (3-1-8)

અગાઉના શ્લોકમાં ઋષિએ તપ, બ્રહ્મચર્ય, કર્મકાંડથી બ્રહ્મ સાક્ષાત્કારની વાત કરી. આ શ્લોકમાં તપથી નહિ પણ ધ્યાનથી બ્રહ્મપ્રપ્તિ થાય એમ કહ્યું, તો સાચું શું માનવું ?

'આ પરમ આત્મા શાસ્ત્રાર્થ ચર્ચાથી કે બુદ્ધિથી કે કથાશ્રવણ કરવાથી પ્રાપ્ત થતો નથી. જેને એ વરે છે, તે એ પામે છે. (3-2-3)

ઋષિ અહીં જ્ઞાનમાર્ગથી કે ભકિતમાર્ગથી પરમતત્ત્વ ન મળે તેમ કહે છે. જયારે ગીતાકાર તો કર્મ, જ્ઞાન, ભકિત એમ ત્રણેય રસ્તે પરમતત્ત્વ મળે તેમ સમન્વય કરે છે, તો સાચું કોણ ? અખાએ તો 'કથા સુણી સુણી ફૂટયા કાન' કહ્યું છે.

આ પરમ આત્મા નિર્બળ અને પ્રમાદીને કે શાસ્ત્રોકત ન હોય તેવા તપથી મળે તેમ નથી. પરંતુ જે વિવેકયુકત પુરુષ બળ, સક્રિયતા અને શાસ્ત્રોકત તપથી પ્રયાસ કરે છે તે બ્રહ્મતત્ત્વ પામે છે.' (3-2-4)

વળી ઋષિ અહીં શાસ્ત્રોકત તપનો મહિમા કરે છે. શાસ્ત્રોકત તપ કયું ? તે સ્પષ્ટતા નથી. દેહદમન એ શાસ્ત્રોકત ખરું કે નહિ ? એવો પ્રશ્ન અવશ્ય થાય. જૈન ધર્મમાં દેહદમને જ તપ કહ્યું છે.

'વેદાંતી, બ્રહ્મનિષ્ઠ, વૈરાગી, સન્યાસી, યતિ પુરુષો અંતકાળે અમૃતને પામી જન્મ–મરણ ચક્રમાંથી મુકત થાય છે.' (3-2-6)

અર્થાત્ ઉપનિષદ્ જ્ઞાની, વૈરાગી, સંન્યાસી એવો પુરુષ મોક્ષ પામે છે. સનાતન ધર્મમાં કર્મબંધનનો સિદ્ધાંત પણ છે. એટલે કે સદકર્મી સ્વર્ગ પામે, દુષ્કર્મી નરક પામે. હિસાબ પૂરો થતાં પાછા આવે એટલે ચોર્યાસી લાખ ફેરા ફરે ! જ્યારે બ્રહ્મજ્ઞાન પામે– આત્મા, તે જ પરમાત્મા. પરમાત્મા હૃદયસ્થ છે તેવું માને, સમજે તે મોક્ષ પામે. મોક્ષ એ ત્રીજી અવસ્થા છે. જયાંથી પાછા આવવાનું નથી. આ સંકલ્પના પછી બૌદ્ધ–જૈન ધર્મમાં

ઉતરી. યહુદી ધર્મમાં મોક્ષની કલ્પના નથી. ત્યાં સ્વર્ગ કે નરકમાં કાયમી રહેવાનુ છે ! ધર્મગુરુઓએ મનફાવે તેવી કલ્પનાઓ કરી છે. તેમાંની કોઈ સાચી નથી.

'જેવી રીતે નદીઓ સમુદ્રમાં નામહીન થઈ જાય છે. તેવી રીતે જ્ઞાની પુરુષ નામરૂપના બંધનમાંથી મુકત થઈ દિવ્યાત્માને ત્યાં પહોંચે છે. (3-2-8)

વેદાંતચિંતનનો સાર જ આ છે, નિષ્કામી, સ્થિતપ્રજ્ઞ થઈ બ્રહ્મજ્ઞાની મેળવવું એટલે કે આત્મામાં પરમાત્માનો સાક્ષાત્કાર કરવો અને છેલ્લે પરમાત્મામાં વિલીન થઈ જવું.

આ સર્વ ઋષિઓની કવિકલ્પનાઓ છે. સતત પરમતત્ત્વ વિષે, વિશ્વસર્જક વિષે ચિંતન કરવાથી એમને લાગ્યું કે હરિ તો હૃદયમાં છે. એને અવકાશમાં નહિ, અંદર શોધો, હૃદયમાં શોધો.

કબીર–રવિદાસ–નાનકે આનો સારો અર્થ કર્યા કે જો દરેક આત્મા, પરમાત્માનો અંશ હોય તો આ ઊંચનીચના, વર્ણાશ્રમના, છૂઆછૂતના ભેદ શા માટે ? પરંતુ વેદાંતીઓ આ માનવા–સમજવા જ તૈયાર નથી ! શાસ્ત્રીઓ અને સંતો વચ્ચે આ જ ભેદ છે.

ખેર, રાજાજી અને મગનભાઈ દેસાઈના અનુવાદમાં ઘણા ફેરફાર છે...રાજાજી 'બ્રહ્મચર્ય'નો અર્થ પવિત્રતા કરે છે. સેલીબસી, કામેચ્છાથી મુકત એવો કરતા નથી !


સંદર્ભગ્રંથ :

(૧) ઉપનિષદ – સી. રાજગોપાલાચારી

(૨) મુંડકોપનિષદ, મગનભાઈ દેસાઈ


---

## રેશનલ ચળવળ

'સારાં' – સાબરકાંઠા – અરવલ્લી રેશનાલિસ્ટ એસોસીએશનની સારી શરૂઆત તા. ૬–૫–૨૪ના રોજ હિંમતનગરમાં થઈ. બન્ને જિલ્લાના રેશનલ/અંધશ્રદ્ધા વિરોધી કાર્યકરો હાજર રહ્યા હતા. એમણે 'સારા'ની શરૂઆતની જાહેરાત કરી હતી. એની સારી શરૂઆતના ભાગ સ્વરૂપ અંધશ્રદ્ધા વિરોધી 'કાયદા'ની સમજ આપવાનો અને ચર્ચાનો કાર્યક્રમ થયો હતો. આ કાર્યક્રમનું આયોજન રોહિત કર્મ દ્વારા થયું હતું.

# સામે પ્રવાહે તરતા રેશનાલિસ્ટો

–ભગવાનજી રૈયાણી
મુંબઈ

રેશનાલિસ્ટ, તારે સામે પ્રવાહે તરવાનું છે.

જન્મભૂમિ પ્રવાસીની મારી રવિવારીય લેખમાળા સ્વેચ્છાએ બંધ કરી એને એક વરસ થયું. ત્યારથી આ જ સુધી કોઈ લેખ લખ્યો નથી. કવિ નર્મદના બહુયામી વ્યકિતત્વ સામે મારું તો કોઈ ગજું નથી, પણ એમણે કલમ તોડીને લખવાનું બંધ કર્યું એમ મેં બંધ કર્યું નથી, હમણાં એક પ્રસંગ એવો બન્યો કે મને થયું કે મારા આ અનુભવ મારા મિત્રો સાથે શેર કરવા જોઈએ.

આપણે સાયન્સ ભણીને ડોકટર, ઈન્જિનીયર કે વિજ્ઞાની થઈએ, પણ વૈજ્ઞાનિક તર્કબુદ્ધિ કેળવતા નથી. પત્થરના પૂતળાઓના પૂજાપાઠમાંથી ઊંચા આવતા નથી. સેટેલાઈટ લોંચ કરતાં પહેલા વિજ્ઞાનીઓ મંદિરે જઈ નાળિયેર ફોડે કે, રાજકારણીઓ ચૂંટણી ટાણે મઠ–મંદિરોમાં માથા ટેકાવવા જાય છે.

હમણાં આપણે છાપાઓમાં વાંચ્યું કે, આગ્રા પાસેના ગામ હાથરસના એક સ્કૂલના પ્રિન્સિપાલ અને પાંચ શિક્ષકોએ મળીને એક સાત વર્ષના વિદ્યાર્થીનો બલિ ચડાવ્યો, એમ માનીને કે એમની સ્કૂલ અસાધારણ પ્રગતિ કરશે. આવા શિક્ષકોને બાલભક્ષક કહીએ.

અમારું દિવંગત મિત્ર લક્ષ્મીદાસ ખટાઉએ એક પુસ્તિકા લખેલી, જેનું નામ હતું 'વાસ્તુફાલ્તુ !' એ મને હમણાં બહું નડયું. વર્ષો પહેલાં મલાડમાં મેં એક ફલેટ ઈનવેસ્મેન્ટ માટે બુક કરાવેલો. ખરીદનાર એના રૂપિયા ૧ કરોડ ૭૫ લાખ આપતો હતો, પણ દરેક ખરીદનાર એક બ્રાહ્મણને લઈને આવતો. જે એના યજમાનને કહેતો કે ફલેટ વાસ્તુ યોગ્ય નથી. હું એમને સમજાવું છું કે, 'હું પણ ૨૦૦૭ સુધી બિલ્ડર હતો અને ૩૮ વર્ષની કારકિર્દીમાં લગભગ પાંચસો ફલેટ વેચ્યા હતા, પણ કોઈને વાસ્તુ નડયું નથી.' અંતે એ ફલેટ બે મહિના પહેલાં મારે ૧૫ લાખ ઓછા કરીને વેચવો પડયો. અંધશ્રદ્ધા વધી રહી છે.

પૂનામાં મારી એક જમીન છે, એનો એક કેસ ચાલે છે. ગઈ તા. ૩૦ સપ્ટેમ્બરના રોજ ત્યાંની કોર્ટમાં જુબાની (ક્રોસ એકઝામિનેશન) આપવા ગયો. જજે કહ્યું, ભગવાનના સોગંદ લઈને બોલો કે હું જે કહીશ એ સત્ય જ કહીશ. મે કહ્યું, 'હું કટ્ટર નાસ્તિક છું.' ભગવાનમાં

માનતો નથી પણ ભારતીય સંવિધાન (બંધારણ)ના સોગંદ લઈને કહું છું કે જે કહીશ એ સત્ય જ કહીશ, અને સત્ય સિવાય કશું કહીશ નહિ. સાંભળીને જજ અને રૂમમાં હાજર એડવોકેટો અને અસીલો બધા સ્તબ્ધ ! જજે તારીખ આપી દીધી. મારે તો ધરમનો ! ધક્કો થયો.

આમ આપણે દેશના રેશનાલિસ્ટોએ સહન કરવાનું જ હોય છે. આસ્તિકોને આપણે ગમતા નથી.

મારી પાસે સિવિલ એન્જિનીયરીંગની ડિગ્રી છે. લૉ કોલેજના પગથિયા ચડયો નથી, પણ વિશાળ જનસમૂહને ન્યાય અપાવવા માટે કોર્ટમાં પીઆઈએલ (જનહિતયાચિકા – પબ્લિક ઈન્ટરેસ્ટ લિટિગેશન) કરતો રહું છું.

હાઈકોર્ટ કે કયારેક સુપ્રિમ કોર્ટ જાતે જ (ઈન પર્સન) દલીલો કરૂં છું. કોઈ વકીલની સલાહ લેતો નથી. અત્યાર સુધી ૧૨૦ પીએલઆઈ કરી છે. જે દેશના કોઈ વકીલ કે સજ્જને કરી હોય એથી વધારે છે. એમાં જેટલી જીત્યો એના કરતાં વધારેમાં હાર્યો છું. જેમાં જીત્યો એમાંથી અર્ધાનો અમલ થયો નથી, છતાં વિવેકાનંદે કહ્યું, 'એમ કામ કરતા જાઓ. હારવાની ચિંતા કરશો નહિ.'

આવું જ એક ટ્રસ્ટ મેં ૨૦૦૮માં 'ફોરમ ફોર જસ્ટિસ' ટ્રસ્ટ બનાવ્યું છે. સેંકડો રાજકારણીઓને અમે મળ્યા અને હાથ જોડીને વિનંતી કરી કે અમારા દેશવ્યાપી આંદોલનમાં અમને સાથ આપો. અમે ૩૫ દિવસની વિશ્વની પ્રથમ ન્યાયયાત્રા ૨૦૧૬માં કાઢી, પણ રાજકારણીઓ જેમાંના અર્ધાથી ઉપર કોર્ટોમાં ફોજદારી કેસોનો સામનો કરી રહયા છે, એમણે સાથ ન આપ્યો. ૨૦૧૪ની ચુંટણીમાં ભાજપ એમના મેનિફેસ્ટોમાં ન્યાયતંત્રની સુધારણા માટે ૧૬ વચનો આપ્યા. એકેય વચન પાળ્યું નહિ. કરોડોની જિંદગીઓ કોર્ટોમાં ધકકાખાતાં નીકળી જાય છે. એ માટે મોદી સરકારે આંખમીંચામણા કર્યા.

૨૦૦૬ માં રસ્તાઓ પરનાં અવૈધ ધર્મસ્થાનો તોડાવવા હું કોર્ટમાં ગયા. કોર્ટના ઓર્ડરથી મુંબઈનાં ૧૧ મંદિરો તૂટયા. ભારતનાં છાપાંઓ ઉપરાંત લોસ એન્જલસના અખબારે નોંધ્યું. વિશ્વમાં ભગવાનજી રૈયાણી સિવાય આ કામ કોઈએ કર્યું નથી.

બાજપેયીની બીજેપી સરકારે યુનિવર્સિટીઓને એક ફતવો મોકલ્યો. કોલેજોમાં જ્યોતિષનો વિષય દાખલ કરો અને લશ્કરમાં સૈનિકો માટે ધર્મ મુજબના શિક્ષકો (ગુપ્ત) રાખવા. હું હાઈકોર્ટ–સુપ્રિમ કોર્ટ સુધી લડયો, અને હાર્યો. બંધારણની કલમ (અનુચ્છેદ) ૨૭ પ્રમાણે લોકોના ટેકસના પૈસા કોઈ ધર્મના સંવર્ધનમાં વાપરી શકાય નહિ, પણ આપણા મોદી, શાહ, ગાંધી પોતાની પલટનો સાથે મંદિરોમાં જાય છે. એ ખર્ચ તો આપણી ઉપર જ હોય છે. કલમ ૨૭ નો છડેચોક ભંગ ! બંધારણના આમુખ (પ્રિએમ્બલ) માં જણાવાયું છે કે, 'ભારત એક બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર છે.' એના ભંગને અટકાવવા માટે હું કોર્ટમાં ગયો, અને પિટિશન ડિસ્મસ થઈ. ફેરવિચારણા માટે ફરીથી બીજી પીટીશન દાખલ કરી.

ગણપતિ વિસર્જન કાર્યક્રમ જે શ્રી લોકમાન્ય ટિળકે બ્રિટિશ સરકાર સામે જનતાને સંગઠિત કરવા માટે કર્યું હતું. એ હેતુ સિદ્ધ થઈ ગયા પછી તો 'સાપ ગયા અને લિસોટા રહી ગયા.' પહેલાં માત્ર મહારાષ્ટ્રમાં જ એ કાર્યક્રમ હતો. હવે તો સમગ્ર ભારતમાં અને જ્યાં ભારતવાસીઓ ત્યાં વિદેશોમાં પણ પ્રસરી ગયો. એમાં નોઈઝ પોલ્યુશન (ધ્વનિ પ્રદૂષણ) તો થાય જ છે, પણ નદી, તળાવ અને સાગરના પાણીનું પદૂષણ અત્યંત હાનિકારક છે. એની સામે બોમ્બે હાઈકોર્ટમાં ગયો. કોર્ટે કહ્યું કે આ વિશે અમે બહુ જાણતા નથી. ફરીથી હું કોર્ટમાં ગયો, એ પિટિશન અનિર્ણીત તરીકે કોર્ટમાં ધૂળ ખાય છે. હવે સુનાવણી થાય ત્યાં સુધી રાહ જોવાની. લખ્યા તારીખ : ૨ જી ઓકટેબર ૨૦૨૪, આજે મને ૮૯ વરસ પૂરા થયા. ('સત્યાન્વેષણ' તરફથી જન્મદિન મુબારક !' –સૂ.)

## ઘી નો બગાડ !

અમદાવાદ રેશનાલિસ્ટ એસોસિએશનના પીયુષ જાદુગર એડવોકેટ પણ છે. એમના એક અસીલ અમદાવાદના રાધેશ્યામ પટેલ પલ્લીના વરદાયિનીના ભગત છે. એમણે પીયૂષભાઈ મારફતે ગાંધીનગરના પ્રાંત અધિકારીને નોટિસ મોકલી છે. એ નોટિસમાં એમણે સ્પષ્ટ કર્યું છે કે પોતે માતાનો ભગત હોવાથી માતાને 'ઘી ચઢે' તેનો વાંધો નથી, પરંતુ એ ઘી પછી ધૂળમાં રગદોળાય, માતા પર ચઢેલા ઘી પર હજારો લોકોના પગ પડે અને ઘી છૂંદાય એ તો માતાની માનહાનિ છે. આથી એમણે માતાના ભગત તરીકે એમના માતા પર ચડેલા ઘીની પૂરી આમન્યા જળવાય તેમ જ ભેગા તથા ઘીનો સદ્‌ઉપયોગ થાય તેવી વ્યવસ્થા કરવાની વિનંતી કરી છે.

# પચ્ચીસમો રમણભ્રમણ સુવર્ણચંદ્રક અર્પણ સમારોહ



શ્રી બિપીન શ્રોફને રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી નવાજવાનો અમદાવાદમાં યોજાયેલ સમારોહ ઘણાં બધા દ્રષ્ટિકોણથી અનોખો બન્યો. તા. ૧૬–૯–૨૪ ના રોજનો આ સમારોહ એવો હતો કે જેમાં આભૂષિત થનાર શ્રી શ્રોફના આગ્રહને કારણે એમને સુવર્ણચંદ્રક અર્પણ કરવાનું શકય બન્યું નહીં. શ્રી શ્રોફે સત્યશોધક સભાના આગ્રહનો સવિનય ઈનકાર કરીને સૂચવ્યું કે એમ કરવાથી જે રકમ બચે તે રેશનાલિઝમ–માનવવાદના પ્રચાર–પ્રસાર માટે વાપરવાની. અત્યાર સુધી ચોવીસ મહાનુભાવોને સુવર્ણચંદ્રક અર્પણ કરવામાં આવ્યા છે. રમણભ્રમણ સુવર્ણચંદ્રકની આ રજત જયંતિ પ્રસંગે આ એક અપવાદ બન્યો. શ્રી શ્રોફનો આગ્રહ ચર્ચા માંગી લે છે, પરંતુ સત્યશોધક સભાએ એમની ઈચ્છાને માન આપ્યું.

આ પ્રસંગ એ કારણે પણ અનોખો બન્યો કે આ અર્પણ સમારોહ ગુજરાત–મુંબઈ રેશનાલિસ્ટ એસોસીએશન આયોજિત એક દિવસીય સંમેલનનો એક ભાગ બન્યો માત્ર સત્યશોધક સભાના જ નહીં ગુજરાત–મુંબઈના પ્રતિનિધિસ્વરૂપ રેશનાલિસ્ટોની હાજરીમાં શ્રી શ્રોફને ગૌરવાન્વિત કરવામાં આવ્યા. તેમાં વળી અમદાવાદ રેશનાલિસ્ટ એસોસીએશન આ એક દિવસીય સંમેલનના યજમાન પદે હતું. એના મંત્રી પિયુષ જાદુગરની આગેવાનીમાં આ સંમેલન સફળ થયું. આમ રમણભ્રમણ સુવર્ણચંદ્રક અર્પણ સમારોહ જાણે સમગ્ર વિસ્તારના રેશનાલિસ્ટોનો સમારોહ બની ગયો.

આ પ્રસંગ એ વધારાના કારણે પણ અનોખો બન્યો કે આ સમગ્ર સંમેલનનો બધો જ ખર્ચ રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી આભૂષિત થયેલા ડૉ. સુજાત વલીએ એકલાએ

ઉપાડયો ! રેશનાલિઝમ માટે તન–મન–ધન ન્યોછાવર કરનાર ડૉ. વલીને જેટલા અભિનંદન આપીએ અને આભાર માનીએ તેટલા ઓછા પડે !

આવા આ અનોખા સમારોહની શરૂઆત ગુજરાત–મુંબઈ રેશનાલિસ્ટ એસોસીએશનના પ્રમુખ ડૉ. સુજાત વલીના સ્વાગત પ્રવચનથી થઈ. એમણે આ પ્રકારના સમારોહ થકી રેશનાલિઝમ–માનવવાદના ક્ષેત્રે કાર્યરત મહાનુભાવોની કદર થાય છે. તેમ જ અન્યોને તે કરવા માટે પ્રોત્સાહન મળે છે તે જણાવ્યું. શ્રી શ્રોફ એમના જાણે કે અંગત શિક્ષક હોવાનું ડૉ. વલીએ ગૌરવપૂર્વક જાહેર કર્યું. જ્યારે શુભેચ્છકોએ શ્રી શ્રોફના ગુણાનુવાદ કર્યો ત્યારે પણ ડૉ. વલીએ જણાવ્યું કે રેશનાલિઝમ–માનવવાદના સાચા પાઠ ભણવા હોય તો શ્રોફનો સંપર્ક અવશ્ય કરવો.

સત્યશોધક સભાના સહમંત્રી સુગીત પાઠકજીએ સત્યશોધક સભા અને રમણભ્રમણ સુવર્ણચંદ્રક અંગેની માહિતી આપી. (આ માહિતી દર્શાવતું પ્રવચન આવતા અંકમાં પ્રસિદ્ધ થશે.

સત્યશોધક સભાના પ્રમુખ સૂર્યકાન્ત શાહે જણાવ્યું કે શ્રી બિપીનભાઈએ અમારી વિનંતી સ્વીકારીને અમારું સન્માનપત્ર તેમ જ શાલ સ્વીકારવામાં સંમતિ આપી તેનો અમને આનંદ છે. સત્યશોધક સભા તરફથી એમણે ખાતરી આપી કે સુવર્ણચંદ્રક નહીં લેવાથી બચેલી રકમનો રેશનાલિઝમ માટે પૂરેપૂરો ઉપયોગ કરવામાં આવશે. શ્રી શાહે આગળ જણાવ્યું કે ડાર્વિનનો ઉત્ક્રાંતિનો સિદ્ધાંત ઘણા સૌંદર્ય દબાવીને બેઠો છે. એનો જેમ જેમ ઊંડો અભ્યાસ કરવામાં આવે તેમ તેમ એ સૌંદર્ય ઉજાગર થાય છે. એમાંની એક જ બાબત લઈએ. 'ઉત્ક્રાંતિ' શબ્દ સૂચવે છે કે લાંબા સમયે થતાં પરિવર્તન આ પરિવર્તન કોણ કરે છે ? કોઈપણ પ્રજાતિનો તે સભ્ય કરે છે કે જે એની પ્રજાતિનાં ધારા–ધોરણોથી ઉફરો વર્તે છે. બધાં જ ગોરીલા–ચિંપાઝી જ્યારે એમના હાથ–પગથી શિકાર કરતા હતા ત્યારે શિકાર પર પથરો ફેંકનારો એની પ્રજાતિથી ઉફરો વર્તેલો. એ ઉફરા વર્તેલાએ ઉત્ક્રાંતિને આગળ ચલાવી. એ જ પ્રમાણે આપણો સમાજ આજે જે રીતે વિચાર કરે છે, વાણી બોલે છે અને વર્તન કરે છે તેનાથી ઉફરા થઈને રેશનાલિસ્ટો વિચારે છે, બોલે છે અને વર્તે છે. બસ આ જે અપવાદ આપણે કરીએ છીએ તે ઉત્ક્રાંતિના ક્રમને આગળ વધારે છે. પરિણામે આવતો સમય રેશનાલિઝમનો રહેશે અને આપણે એના પાયામાં હોઈશું. આપણા બધાની વચ્ચે બિરાજેલા શ્રી બિપીન શ્રોફ એના આગેવાન છે.

રેશનાલિઝમ–માનવવાદના રંગથી તેઓનું સમગ્ર અસ્તિત્વ રંગાયેલું છે. આથી જ એમને પોંખતા સત્યશોધક સભા ગૌરવ અનુભવે છે.

સત્યશોધક સભાના મંત્રી ડૉ. સુષ્મા અય્યરે આપેલ શુભેચ્છાઓનું વાંચન કર્યું હતું. જેમાં એક સમયના પેટ્રન ડૉ. બી. એ. પરીખનો પણ સંદેશો હતો. સંદેશા વાંચન દરમિયાન ડૉ. અય્યરે માર્મિક ટકોર કરી હતી કે ભલે શ્રી શ્રોફે એકવાર મળતા સુવર્ણચંદ્રકને નહીં લીધો, પરંતુ આ સમગ્ર સમારોહ એમના લાઈફ ટાઈમ એચિવમેન્ટને નવાજતો કાર્યક્રમ બન્યો છે.

બિપીનભાઈના મિત્રો, શુભેચ્છકો અને પ્રશંસકોએ શ્રી શ્રોફનો ગુણાનુરાગ કર્યો હતો. ડો. મિહિર દવેએ જણાવ્યું કે શ્રી શ્રોફ એટલે પ્રબુદ્ધતા, વિવેક, અને જ્ઞાનનો ત્રિવેણી સંગમ. મનીષી જાનીએ જણાવ્યું કે ઉંમરે તો તેઓ વડીલ ગણાય પણ મને તો એ મિત્ર જ લાગ્યા છે. કારણ કે એમને મૈત્રી જ ગમે છે. શ્રી શ્રોફની પુત્રી ભારતીબેને જણાવ્યું કે, ‘બાળપણથી જ મારા પપ્પાએ મને વાંચવા, વિચારવા અને તે પ્રમાણે વર્તવાનુ સફળ માર્ગદર્શન આપ્યું છે. આ માર્ગદર્શન જાણે મને આજે એવી પ્રતીતિ કરાવે છે મેં મારા પપ્પાના જૈવિક જીન્સ ઉપરાંત એમની વિચારધારાના જીન્સ પણ પ્રાપ્ત કર્યા છે.’ પ્રા. બળદેવભાઈએ જણાવ્યું કે શ્રી શ્રોફે ‘જ્ઞાનસભર’ જીવનને જીવી જાણ્યું, રઘુવીર ચૌધરીએ  એક આદર્શ પડોશી તરીકે શ્રી શ્રોફની પ્રશસ્તિ કરી રોજેરોજના વિચારપ્રેરક સંવાદદાતા તરીકે બિરદાવ્યા. અન્ય વકતાઓએ પણ ગુણાનુરાગ કર્યો. આ તબકકે અશ્વિન કારીઆએ જણાવ્યું કે સત્યશોધક સભા તો આ મેધાવીને દશ વર્ષ પૂર્વે નવાજવા માંગતા હતા, પરંતુ ત્યારે બિપીનભાઈએ તેનો સવિનય ઈનકાર કર્યો હતો.

સત્યશોધક સભાના તત્કાલિન પૂર્વપ્રમુખ સિદ્ધાર્થ દેગામીએ સન્માનપત્રનું વાંચન કર્યું. એ વાંચન બાદ જેની સૌ આતુરતાભરી રાહ જોતા હતા તે ઘડી આવી પહોંચી. પ્રમુખ સૂર્યકાન્ત  શાહ, ડૉ. સુજાત વલી,  ઉપપ્રમુખ અતુલ પાઠકજી,  પીયૂષ જાદુગર, ડૉ. સુષ્મા અય્યર અને અન્યોએ શ્રી શ્રોફ અને એમના પત્નીને સન્માનપત્ર અર્પણ કર્યું, તેમ જ એમને શાલ ઓઢાડી. હજી પણ તેઓ રેશનાલિઝમ–માનવવાદ ક્ષેત્રે એમની સેવા આપતા રહે એવી શુભેચ્છા પાઠવી.

શ્રી બિપીનભાઈએ એમના ટૂંકા પ્રતિભાવ આપતા જણાવ્યું કે ઝાડ નીચે ઊભો રહીને જે ચોપગો મહેનત ઓછી પડે તે હેતુથી ઝાડ પર ચઢી ફળ ખાવાને બદલે જમીન પર જ ઊભો રહીને મળે તે ફળ ખાધા. એણે એ ચોપગાને માનવ બનવા તરફનું પહેલું

પગલું ભરેલું. એમનું અભિવાદન કરવા બદલ એમણે સત્યશોધક સભાનો આભાર માન્યો. ઉપરાંત, આવા સંમેલનમાં તેને સ્થાન આપવા બદલ આયોજકોનો આભાર માન્યો હતો. એમણે વધુમાં જણાવ્યું કે આ વિચારધારા અને ચળવળમાં વધારે ને વધારે યુવાન–યુવતીઓ જોડાવા જોઈએ.

અંતે શ્રી સુગીત પાઠકજીએ સૌનો આભાર માન્યો હતો. શ્રી સુનીત ગુપ્તાએ ઉદ્‌ઘોષકની સેવા આપી હતી. એમનો પણ આભાર માનવામાં આવ્યો હતો. રાષ્ટ્રગીત ગાયા બાદ આ સમારોહ પૂર્ણ થયો હતો.

(નોંધ : રેશનાલિસ્ટ મહાસંમેલનનો અહેવાલ આવતા અંકમાં)

## ‘સંતો’ને શું અબળાનો આર્તનાદ સંભળાય છે ?

ઋગ્વેદમાં નારદે હરિશ્ચંદ્રને કહ્યું છે કે ‘कृपणं ह दुहिता’ । અર્થાત્ પુત્રી પીડાદાયક નીવડે છે. દાસી કન્યાઓને ગુલામ બનાવીને કોઈને ભેટરૂપે કે સખાવતરૂપે આપી દેવાતી. દેવો, ઋષિઓ, મુનિઓ અને બ્રાહ્મણો નિઃસંતાન પરસ્ત્રીઓ સાથે નિયોગના ઓઠા હેઠળ સંભોગ કરતા.

મહાન રામાયણકાર તુલસીદાસે લલકાર્યું કે, ‘ઢોલ, ગમાર, શુદ્ર, પશુ અરુ નારી સકલ તાડન કે અધિકારી.’ એના ગુજરાતી ભાવાર્થમાં કોઈ કવિએ ગાયું ‘બુધે ડોબું દૂધ દે. બુધે છોરું રોતું રે, બુધે જાર બાજરી, બુધે નાર પાંસરી.’ અહીં બુધે એટલે લાકડીએ.

આપણા શાસ્ત્રો, વેદો, પુરાણો અને પંડિતોએ શૂદ્રો અને દલિતોની પણ સ્ત્રીઓની જેમ ભૂંડી હાલત કરેલી.

(ભગવાનજી રૈયાણીના‘ગાંધીને દેશવટો’ પુસ્તિકામાંથી સાભાર)

---

**‘સત્યાન્વેષણ’નું વાર્ષિક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/– છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605, IFSC = BARB0PARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે, અથવા મો. નં.–૯૯૭૮૮ ૯૬૩૬૪ પર ફોટો મોકલે.**

## ચિંતનકણિકા

—મોહન પટેલ મો.—૯૭૨૭૮ ૧૮૩૯૧

* વિવેકબુદ્ધિ અને સ્પષ્ટવાણી એ બે બાબતોમાં માણસ પશુ કરતા ચડિયાતો છે. —પાકોસ
* શાંતિથી જગતમાં જીવવું હોય તો પ્રસંગોપાત અનુકૂલન કરો. —મોહન પટેલ
* શાળામાં માત્ર પાઠય પુસ્તક આધારિત શિક્ષણ નહીં પરંતુ સામાન્ય જ્ઞાન, વૈજ્ઞાનિક અને લોકશિક્ષણ—તજજ્ઞો વિદ્વાનોના અભિપ્રાયોને પણ મહત્વ આપીએ. તેમના ઉત્તમ વિચારો – વિવેકબુદ્ધિ—રેશનલ અભિગમ જરૂરી બને છે. – જેથી પ્રગતિ શકય બને.
* શિક્ષક રેશનલ, માનવવાદી—વૈજ્ઞાનિક અભિગમથી ક્રાંતિકારી ફેરફારો લાવી શકે.
* **આજે શિક્ષિત લોકો પણ વધુ ધાર્મિક ઘેલછા – અંધશ્રદ્ધા સ્વાર્થ તરફ વળે છે ને !**
* આ રીતે કોઈપણ ધર્મ – પંથો – સંપ્રદાય – માન્યતા પણ જ્યારે પરસ્પરની હરિફાઈ—આતંકવાદ કે અન્ય પર દબાણ યુદ્ધની સ્થિતિ લાવે અને અંગત હિતો આગળ લાવે ત્યારે જગતમાં પરસ્પર પ્રેમ—માનવવાદ ખતમ થઈ જાય છે. વૈજ્ઞાનિક રીતનો અભિગમ, માનવતા, તાર્કિક વિચાર અને અનુભવને આધારે સત્યને પારખી—ઈશ્વરના અસ્તિત્વનો વિરોધ એ વિવેકબુદ્ધિની વ્યાખ્યા બને છે, અને તે સામાન્ય માનવી સ્વીકારે છે. ધાર્મિક ઘેલછામાં અંધશ્રદ્ધામાં સમાજ – દેશનું અહિત કરનાર શાસકો પણ અનીતિના માર્ગે દોરીને સમાજનું જે તે અહિત કરે ત્યારે શૈક્ષણિક રીતે વિવેકબુદ્ધિ અને માનવવાદનું શિક્ષણ—સંસ્કાર પ્રજાને વૈજ્ઞાનિક રીતે આપવામાં આવે તે જ શ્રેષ્ઠ ઉપાય છે. —મોહન પટેલ

## સત્યશોધક સભાનાં પ્રકાશનો

(૧) વિજ્ઞાન અને અલૌકિક ઘટનાઓ રૂા. ૫૦ – ડૉ. બી. એ. પરીખ
(૨) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ – ડૉ. બી. એ. પરીખ
(૩) આપણો માંદો સમાજ રૂા. ૩૦ – સૂર્યકાન્ત શાહ
(૪) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તિ) રૂા. ૩૫ —ડૉ. બી. એ. પરીખ
(૫) ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ —ડૉ. બી. એ. પરીખ
(૬) જ્યોતિષ વિજ્ઞાન નહીં, મિથ્યા કલ્પના રૂ. ૩૦ —ડૉ. બી. એ. પરીખ
(૭) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/— —સૂર્યકાન્ત શાહ

**મેળવવા માટે મ. ઓ. કરો.**

# સત્યશોધક સભા
## ચાલીસમી વાર્ષિક સાધારણ સભા : અહેવાલ

સ્ત્યશોધક સભાની ચાલીસમી વાર્ષિક સાધારણ સભા તા. ૨૨–૯–૨૪ ને રવિવારે સભાના કાર્યાલય ૪૧૦, આગમ ઓર્ચિડ, નંદિની–૨ ની પાસે, વી. આઈ. પી. રોડ, વેસુ મુકામે સવારે ૧૦.૦૦ કલાકે સૂર્યકાન્ત શાહના પ્રમુખપદે મળી હતી. આ સભાની કાર્યવાહીનો અહેવાલ આ પ્રમાણે છે.

૧. ગત સાધારણ સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી હતી.

૨. મંત્રીશ્રી જાદવ વેકરીયા અને ડૉ. સુષ્મા અય્યરનો સંયુકત અહેવાલ ડૉ. સુષ્માએ વાંચી સંભળાવ્યો હતો. એના પર વિશદ ચર્ચા થયા બાદ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો.

૩. કોષાધ્યક્ષ મોહનભાઈ પટેલે સભાના ઓડિટ થયેલા વાર્ષિક હિસાબો રજૂ કર્યા હતા. ખાસ તો સંસ્થાની સુધરતી આર્થિક પરિસ્થિતિ પરત્વે સભાએ સંતોષ વ્યકત કર્યો હતો. દાતાશ્રીઓના દાનને કારણે આ શકય બન્યાની નોંધ લેવામાં આવી હતી.

૪. ફારેગ થતા સભ્યોને કારણે અને ખાલી રહેલ જગ્યા પર નીચેની વ્યકિતઓની કારોબારીમાં સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

૧. વિજય ભગત　　૨. મનસુખ નારીયા
૩. સુગીત પાઠક　　૪. ડૉ. મનસુખ પટેલ
૫. રાકેશ દેસાઈ

૫. આગામી બે વર્ષ માટે અને ત્યારબાદ નવા હોદ્દેદારો નીમાય ત્યાં સુધી

૧. પ્રમુખ તરીકે સર્યકાન્ત શાહ
૨. ઉપપ્રમુખો તરીકે : અતુલ પાઠકજી,　મનસુખ નારીયા
૩. મંત્રીઓ તરીકે : જાદવ વેકરીઆ,　ડૉ. સુષ્મા અય્યર
૪. કોષાધ્યક્ષ તરીકે : મોહનભાઈ પટેલ
૫. સહમંત્રીઓ તરીકે : સુગીત પાઠકજી ,　રાકેશ દેસાઈ
બધા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી થઈ હતી.
૬. પ્રમુખશ્રીની મંજૂરીથી અન્ય કોઈ કાર્ય રજૂ નહીં થવાથી સભા બરખાસ્ત થઈ હતી.

પેટ્રન ડૉ. બી. એ. પરીખે આ સભામાં હાજરી આપી હતી.

## વૈજ્ઞાનિકોની વેદના તો સમજીએ !

–નિકોલા ટેસ્લા

૧૯મી સદીના મહાન વિજ્ઞાની અને શોધક નિકોલા ટેસ્લા વિશે વાત કરવાનું મન એટલે થાય કે તેઓ ખૂબ વિચક્ષણ પ્રતિભાશાળી હતા, પરંતુ મહદંશે ભુલાઈ ગયેલા અને અન્યાયનો ભોગ બનેલા. આપણા રોજિંદા જીવનમાં વપરાતી અનેક ટેકનોલોજીમાં તેમનું મહત્વનું પ્રદાન છે – જેમ કે, વાયરલેસ ટ્રાન્સમિશન, રિમોટ કન્ટ્રોલ, કમ્પ્યૂટર, સ્માર્ટ ફોન, રોબોટિકસ, ક્ષ–કિરણો અને સૌથી મહત્વની આજે સર્વત્ર વપરાતી ઑલ્ટરનેટિંગ કરન્ટ સિસ્ટમ (AC વિદ્યૂતપ્રવાહ).

૭ જાન્યુઆરી, ૧૯૪૩ ની સવારે ન્યૂયોર્ક હોટલમાં સફાઈકામ કરતી સ્ત્રી જ્યારે રૂમ નં. ૩૩૨૭ માં પ્રવેશી ત્યારે તેણે ૮૬ વર્ષના વૃદ્ધનું શબ જોયું. આ શબ હતું નિકોલા ટેસ્લાનું, જે છેલ્લા દસકાથી હોટેલને જ પોતાનું ઘર કહેતા. જ્યારે તેઓ મૃત્યુ પામ્યા ત્યારે તેઓ એકાકી અને ભાંગી પડેલા હતા. આમ થવા પાછળનાં કારણો હતાં.

ટેસ્લાનો જન્મ ૧૦ જુલાઈ ૧૮૫૬ના રોજ, એ સમયના ઑસ્ટ્રિયન સામ્રાજ્ય અને હાલના ક્રોએશિયા–સર્બિયામાં થયો હતો. જેમ તેઓ પુખ્ત થતા ગયા તેમ તેમની કલ્પનાશકિત અને સર્જનશૈલી કાવ્યાત્મક રીતે ખીલતા ગયા. વૈજ્ઞાનિક શોધને તેઓ મગજમાં વિગતવાર વિચારી લેતા. કાગળ પર ગણતરી અથવા આકૃતિ દોરવાની પણ જરૂર રહેતી નહીં. પિતા પાદરી હતા. તેઓ ઈચ્છતા કે દીકરો નિકોલા પણ પાદરી બને, પણ નિકોલાને એન્જિનિયરિંગમાં રુચિ હતી એમણે ઑસ્ટ્રિયામાં એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો. અભ્યાસ પછી બુડાપેસ્ટમાં એક ટેલિફોન કંપનીમાં ઈલેકટ્રિશયન તરીકે કામ મળ્યું. તે સમયે તેમના મગજમાં AC વિદ્યુતપ્રવાહની મદદથી ઈલેકટ્રિસિટી ઉત્પન્ન કરવાનો ઝબકારો થયો. આ તેમની સૌથી મહાન શોધ હતી. જેણે દુનિયા બદલી નાખી. ૧૮૮૪માં થોમસ આલ્વા ઍડિસન કંપનીના મેનેજર ટેસ્લા સમક્ષ ન્યૂયોર્કમાં આવેલી મૂળ શાખા 'એડિસન મશીન વર્કસ્' માં કામ કરવાનો પ્રસ્તાવ મૂકયો. ટેસ્લા સંમત થયા.

ટેસ્લા એસી વિદ્યુત પ્રવાહના હિમાયતી હતા. જેમાં વિદ્યુત પ્રવાહ નિશ્ચિત અંતરાલે દિશા બદલે છે. ટેસ્લાએ એસી પાવર સિસ્ટમ પર કામ કરવાનું ચાલુ કર્યું, અને એસી ઈન્ડકશન મોટરની શોધ કરી. આ મોટર વડે કાર્યક્ષમ રીતે ઈલેકટ્રિકલ પાવરનું

(અનુસંધાન ટા.–૩ ઉપર)

(નં.–૨૪ નું ચાલુ)

યાંત્રિક અથવા મિકેનિકલ પાવરમાં રૂપાંતર થાય છે અને વિશ્વભરમાં ઘેર ઘેર ઈલેકટ્રિકલ સાધનોમાં વપરાય છે. આ ઈન્ડકશન મોટરનું એક સ્વરૂપ ઈલેકટ્રિકલ કાર કંપની 'TESLA' માં વપરાય છે અને તેનું નામકરણ 'TESLA' નિકોલા ટેસ્લા પાછળ કર્યું છે.

ટેસ્લાએ ૬૦,૦૦૦ ડોલરમાં મોટર બનાવવાનું લાયસન્સ વેસ્ટિંગહાઉસને આપ્યું, અને વેસ્ટિંગહાઉસે ટેસ્લાને સલાહકાર તરીકે રાખ્યા. ટેસ્લાને વેસ્ટિંગ હાઉસ પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી હતી. વેસ્ટિંગ હાઉસ મુશ્કેલીમાંથી ઊગરી ગયા અને ટેસ્લાને ૨,૧૬,૦૦૦ ડોલર પેટન્ટ વાપરવાના હક તરીકે આપ્યા. ટેસ્લા નાણાકીય રીતે સ્વતંત્ર બન્યા, અને ન્યૂયોર્કમાં કેટલીક પ્રયોગશાળાઓ શરૂ કરી. આ સમયગાળામાં અનેક ક્ષેત્રોમાં મહત્ત્વનાં સંશોધનો કર્યા, જેવાં કે નિયૉન લાઈટિંગ, ટેસ્લા ટર્બાઈન, ક્ષ–કિરણ ટેકનોલોજી, રિમોટકન્ટ્રોલ વગેરે. રિમોટ કન્ટ્રોલ એ સમયે અજાયબીભર્યું હતું. ટેસ્લા સમય કરતા ઘણા આગળ હતા. તેમને વાયરલેસ કૉમ્યુનકેશનનો વિચાર આવ્યો. તેમણે ટેસ્લા કૉઈલ (ગૂંચળું)ની શોધ કરી, જેના વડે તેઓ રેડિયો સિગ્નલ મોકલી શકતા અને મેળવી અથવા પકડી પણ શકતા. ટેસ્લાએ રેડિયો સિગ્નલને લગતા સંશોધનોના પેટન્ટ મેળવ્યા નહોતા. આ તબક્કે એમની અધોગતિનો સમય ચાલુ થયો. એક ઈટાલિયન એન્જિનિયર માર્કોની ઈંગ્લેન્ડમાં રેડિયો સિગ્નલ પર કામ કરતા હતા. તેમણે ૧૯૦૧માં સફળતાપૂર્વક આટલાન્ટિક મહાસાગરના પૂર્વ કિનારેથી પશ્ચિમ કિનારા પર રેડિયો સિગ્નલ મોકલ્યાં. આ કાર્યમાં તેમણે ટેસ્લાની ૧૭ પેટન્ટનો ઉપયોગ કર્યો હતો. માર્કોનીને તેના કાર્ય માટે એડિસને પૂરેપૂરી નાણાકીય મદદ કરી હતી. ૧૯૧૧નો ભૌતિકશાસ્ત્રનો નોબલ પુરસ્કાર માર્કોનીને મળ્યો. ટેસ્લા એમ માનતા કે માર્કોનીએ એમના વિચારો ચોર્યા હતા.

તે પછી ટેસ્લાનું માનસિક સ્વાસ્થ્ય કથળ્યું, અને નાણાકીય રીતે પણ ખલાસ ગઈ ગયા. જીવનનો છેલ્લો દસકો ન્યૂયૉર્કર હોટલમાં પસાર કર્યો. વેસ્ટિંગહાઉસ કોર્પોરેશને તેમને સલાહકાર તરીકે રાખ્યા અને હોટલના રૂમનું ભાડું ભર્યું. એક પ્રશ્ન થાય કે આવી સ્થિતિ કેમ આવી ? મુખ્ય કારણ એ કે તેઓ મૂડીવાદી નહોતા. તેમનામાં ધંધાકીય કુશળતા નહોતી. નહીં તો રૉયલ્ટી સંપૂર્ણપણે જતી ન કરી હોત. ટેસ્લા વિજ્ઞાનનો ઉપયોગ લોકોના લાભાર્થે – જીવનસ્તર સુધારવા માટે કરવા માંગતા હતા.

**(અનુસંધાન ટા.–૪ ઉપર)**

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2022-2024 (with prepayment of postage)

(ચાલુ ટા.–૩ નું)

નિકોલા ટેસ્લા ઈજનેર અને વૈજ્ઞાનિક હોવા ઉપરાંત એક કવિ, ફિલસૂફ, સંગીતના જાણકાર તથા ખાનપાનના પારખું હતા. ફ્રાન્સિસ કૉફર્ડ અને માર્ક ટ્વેઈન તેમના સારા મિત્રો હતા. મૅનહટ્ટનની ૪૦ મી સ્ટ્રીટ અને ૬ટ્ઠી એવન્યૂ પરની જગ્યાનું નામકરણ 'નિકોલા ટેસ્લા કોર્નર' કરવામાં આવ્યું છે. ભૌતિકશાસ્ત્રમાં ચુંબકીય ક્ષેત્રને માપવાનો એકમ 'ટેસ્લા' (વેબર પર મીટર સ્કવેર) તરીકે ઓળખાય છે. આગળ જોયું તેમ ઈલેકટ્રિક કાર કંપની 'TESLA' નું નામ પરથી ટેસ્લા પાછળ કરવામાં આવ્યું છે. જે આ મહાન સંશોધકને આપવામાં આવેલી શ્રદ્ધાંજલિ છે. આથી જેમ કાર કંપનીને પ્રેરણા મળી એમ નવી પેઢી પણ ભુલાઈ ગયેલા નિકોલા ટેસ્લાને યાદ કરશે અને પ્રેરણા લેશે.

(વિશ્વવિહાર'ના ઓગષ્ટ'૨૪ ના અંકમાંથી સાભાર)

## સત્યશોધક સભાને માતબર દાન

લંડનથી શ્રી ભીખુભાઈ દેસાઈ 'સત્યાન્વેષણ'ના નિયમિત વાચક છે. સત્યશોધક સભાની પ્રવૃત્તિઓના તેઓ પ્રશંસક છે. તેઓશ્રીએ ભૂતકાળમાં પણ સત્યશોધક સભાને દાન આપ્યું છે. હમણાં એમણે રૂા. ૩૦,૦૦૦/– જેવી માતબર રકમનું દાન આપ્યું છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

૫–૧૦–૨૪

સૂર્યકાન્ત શાહ
પ્રમુખ

માલિક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સૂર્યકાન્ત સોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–(ગુજરાત), ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસિદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સૂર્યકાન્ત શાહ